# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,પાટણ

NAAC B (2.21) State University

પો.બો.નં.૨૧, યુનિવર્સિટી રોડ, પાટણ–૩૮૪૨૬૫ (ઉ.ગુ.)


નંબર :-શા.શિ./યુવા/૨૫૮૮/૨૦૨૬

તારીખ:-૧૪-૦૭-૨૦૨૬

પ્રતિ,

આચાર્યશ્રી/અધ્યક્ષશ્રી,

તમામ સંલગ્ન કોલેજ તથા અનુસ્નાતક ભવન,

વિષય:- વર્ષ ૨૦૨૬-૨૭ દરમ્યાન યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ અંતર્ગત યોજવાની થતી એક દિવસીય વ્યાખ્યાનમાળા ના આયોજન અંગે.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે સવિનય જણાવવાનું કે, આ યુનિવર્સિટીના યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ અંતર્ગત વર્ષ ૨૦૨૬-૨૭ દરમ્યાન (૧) યુનિવર્સિટી કક્ષાની એક દિવસીય વ્યાખ્યાનમાળા (૨) કોલેજ કક્ષાની એક દિવસીય વ્યાખ્યાનમાળા યોજાવાની થાય છે. આયોજનમાં રસ ધરાવતી સંલગ્ન અનુસ્નાતક ભવન/કોલેજે આયોજન માટેની દરખાસ્ત તારીખ ૩૦-૦૭-૨૦૨૬ સુધીમાં આ કાર્યાલયને મોકલી આપવા વિનંતી. સદર આયોજન માટે નિયમાધીન થયેલ જરૂરી ખર્ચ અંગે યુનિવર્સિટી તરફથી ખર્ચ સહાય આપવામાં આવશે.

વ્યાખનમાળાના આયોજન માટે નીચે મુજબના સૂચનો, નિયમો અને કાર્યવાહીનું પ્રતિબદ્ધતા પૂર્વક પાલન કરવાનું રહશે.

❖ <u>દરખાસ્ત માટે જરૂરી સૂચનો:-</u>

(i) ઉપરોક્ત બે પૈકી એક અથવા બંને વ્યાખ્યાનમાળાના આયોજન માટે દરખાસ્ત કરી શકશે.

(ii) દરખાસ્તની સાથે કોલેજે આ સાથે સામેલ પત્રકમાં ત્રણ વક્તાશ્રીના નામ તથા તેઓના વક્તવ્યના વિષય મોકલવાનાં રહશે. બંને વ્યાખ્યાનમાળા માટે દરખાસ્ત કરનાર કોલેજે બે પત્રકો અલગ-અલગ ભરી અલગ-અલગ પત્ર સાથે દરખાસ્ત કરવાની રહેશે તેમજ નિયત પત્રક વિનાની દરખાસ્તને પ્રાધાન્ય આપવામાં આવશે નહી.

(iii) આપની દરખાસ્ત તેમજ વક્તા તેમજ વિષયને મંજુરી મળ્યાની જાણ આપને કરવામાં આવશે. ત્યારબાદ આપે આયોજન કરવાનું રહેશે.

(iv) દરખાસ્તની મંજુરી બાદ જો વક્તાશ્રી સાથે વ્યાખ્યાનની અનુકુળતા ન સધાય તો અન્ય વક્તા માટે પુનઃ મંજુરી મેળવ્યા બાદ વ્યાખ્યાનમાળાનું આયોજન કરવાનું રહેશે.

❖ <u>વક્તાશ્રી માટે જરૂરી સૂચનો :-</u>

(i) વક્તાશ્રીએ આ એક દિવસીય વ્યાખ્યાનમાળામાં એક કે બે વ્યાખ્યાન આપવાના રહેશે.

(ii) વક્તાશ્રી દ્વારા સુવાચ્ય અક્ષરે લખાયેલ વ્યાખ્યાનની પ્રત યુનિવર્સિટીને આપવાની રહેશે.

આભાર સહ.

આપનો વિશ્વાસુ,

(ડૉ.ચિરાગ પટેલ)
નિયામક
શા.શિ., યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ

બીડાણ :-ઉપર મુજબ પત્રક

# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી – પાટણ

શૈક્ષણિક વર્ષ : **૨૦૨૬-૨૭**

**<u>યુનિવર્સિટી કક્ષા ની વ્યાખ્યાનમાળા</u>**

કોલેજનું પુરુનામ :________________________________ગામ__________તાલુકો_________ જીલ્લો ___________

મોબાઈલ નંબર:-____________________________

| ત્રણ વ્યાખ્યાતાની પસદગી ક્રમમાં નામ, હોદ્દો અને તેમની કોલેજનું નામ | વ્યાખ્યાનનો વિષય | અભ્યાસપૂર્ણ શ્રેણી કે લોકભોગ્ય શ્રેણી, | વ્યાખ્યાન માટેની સૂચિત તારીખ | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧. | | | | |
| ૨. | | | | |
| ૩. | | | | |

નોધ:- આ યોજના હેઠળ ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન આ વ્યાખ્યાનનું બીજી કોઈ કોલેજમાં વ્યાખ્યાન યોજાનાર નથી તેની ખાત્રી કરવામાં આવી છે.

તારીખ:- ____/____/______

આચાર્યશ્રીની સહી અને સિક્કો

# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી – પાટણ

શૈક્ષણિક વર્ષ : **૨૦૨૬-૨૭**

**<u>કોલેજ કક્ષા ની વ્યાખ્યાનમાળા</u>**

કોલેજનું પુરુનામ :________________________________________ગામ__________તાલુકો_________ જીલ્લો ___________

મોબાઈલ નંબર:-__________________________

| ત્રણ વ્યાખ્યાતાની પસદગી ક્રમમાં નામ, હોદ્દો અને તેમની કોલેજનું નામ | વ્યાખ્યાનનો વિષય | અભ્યાસપૂર્ણ શ્રેણી કે લોકભોગ્ય શ્રેણી, | વ્યાખ્યાન માટેની સૂચિત તારીખ | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧. | | | | |
| ૨. | | | | |
| ૩. | | | | |

નોધ:- આ યોજના હેઠળ ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન આ વ્યાખ્યાનનું બીજી કોઈ કોલેજમાં વ્યાખ્યાન યોજાનાર નથી તેની ખાત્રી કરવામાં આવી છે.

તારીખ:- ____/____/______

આચાર્યશ્રીની સહી અને સિક્કો